**હેલ્પલાઈન: ૧૦૪**

સત્યમેવ જયતે

**COVID-19 અખબારી યાદી ક્રમાંક: ૩૮૭**

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
ગાંધીનગર.

*ફોન નં. ૦૭૯-૨૩૨૫૦૮૧૮* *ઈ-મેલ: ssoidsp@gmail.com*

**તા.૩૦.૦૧.૨૦૨૧**

## ***આવતી કાલથી કોરોના રસીકરણના બીજા તબક્કાનો શુભઆરંભ***

## ***હેલ્થ કેર વર્કર સાથે ફ્રન્ટલાઇન વર્કરને રસીકરણ હેઠળ આવરી લેવાશે.***

## ***ગૃહ વિભાગ, મહેસુલ વિભાગ, શહેરી વિકાસ વિભાગ, પંચાયત વિભાગ, ડીઝાસ્ટર મેનેજમેન્ટ તેમજ અન્ય કર્મચારી/ અધિકારીઓને કોરોના રસીકરણમાં આવરી લેવાશે***

## ***આવતી કાલે એક દિવસમાં એક લાખથી વધુના રસીકરણનું આયોજન***

★★★★★

આવતી કાલથી **કોરોના રસીકરણની સઘન ઝુંબેશ અને બીજા તબક્કાનો આરંભ** કરવામાં આવશે. જેમાં ગૃહ વિભાગના કર્મચારીઓ/અધિકારીઓ એટલે કે પોલીસ કર્મી, હોમગાર્ડસ, એસ.આર.પી. જવાનો વિગેરે, મહેસુલ વિભાગ, શહેરી વિકાસ વિભાગ, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, ડીઝાસ્ટર મેનેજમેન્ટ તેમજ અન્યના **કુલ થઇ અંદાજીત ૩.૩ લાખ કર્મચારી/અધિકારીઓને** રસીકરણના આ તબક્કામાં આવરી લેવાશે. આવતી કાલે **એક દિવસમાં એક લાખથી વધુ વ્યકિતઓના રસીકરણનું આયોજન કરેલ છે.**

રાજયમાં કોરોના રસીકરણનું તા.૧૬.૦૧.૨૦૨૧ થી આરંભ કરવામાં આવ્યો છે. આજની તારીખે કુલ ૫૭૯ કેન્દ્રો ઉપર ૩૩,૧૯૩ વ્યકિતઓને કોરોનાની રસી આપવામાં આવી. અત્યાર સુધીમાં કુલ ૨,૪૫,૯૩૦ એટલે કે ૫૦ ટકા હેલ્થ કેર વર્કરનું રસીકરણ પૂર્ણ કરવામાં આવ્યુ છે. અત્યાર સુધીમાં રાજયમાં એકપણ વ્યકિતને આ રસીના કારણે ગંભીર આડઅસર જોવા મળેલ નથી.

રાજય સરકારના આરોગ્ય વિભાગની અસરકારક અને પરિણામલક્ષી કામગીરીના પરિણામે કોરોનાના કેસોમાં ઉત્તરોત્તર ઘટાડો જોવા મળી રહ્યો છે. રાજયમાં આજે કોવિંડ-૧૯ ના ૩૨૩ દર્દીઓ નોધાયા છે. અને રાજયભર માંથી ૪૪૧ દર્દીઓ સાજા થયેલ છે આ સાથે રાજયનો રીકવરી રેટ ૯૬.૯૯ ટકા જેટલો છે. રાજયમાં અત્યાર સુધીમાં આરોગ્ય વિભાગના સઘન પ્રયાસો ના લીધે ૨,૫૩,૩૬૮ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે.

★★★★★

## રાજ્યમાં હાલ કુલ દર્દીઓની વિગત નીચે મુજબ છે.

| એક્ટીવ કેસ | | | ડીસ્ચાર્જ | મૃત્યુ |
|---|---|---|---|---|
| કુલ | વેન્ટીલેટર | સ્ટેબલ | | |
| ૩૪૬૯ | ૪૧ | ૩૪૨૮ | ૨૫૩૩૬૮ | ૪૩૮૭ |

**રાજ્યમાં આજ રોજ કોવિડ-૧૯ નાં કારણે કુલ ૨ દુ:ખદ મૃત્યુ નોંધાયેલ છે. જેની વિગત નીચે મુજબ છે.**

| જીલ્લો/ કોર્પોરેશન | મૃત્યુ |
|---|---|
| અમદાવાદ કોર્પોરેશન | ૧ |
| બનાસકાંઠા | ૧ |
| કુલ | ૨ |

**રાજ્યમાં આજ રોજ નોંધાયેલ કોવીડ-૧૯ ના કેસ અને ડીસ્ચાર્જની વિગત નીચે મુજબ છે.**

| જીલ્લો/ કોર્પોરેશન | કેસ | ડીસ્ચાર્જ |
|---|---|---|
| વડોદરા કોર્પોરેશન | ૬૫ | ૩૬ |
| અમદાવાદ કોર્પોરેશન | ૬૩ | ૧૦૮ |
| સુરત કોર્પોરેશન | ૪૨ | ૫૧ |
| રાજકોટ કોર્પોરેશન | ૩૬ | ૫૨ |
| વડોદરા | ૧૩ | ૨૫ |
| આણંદ | ૧૦ | ૧૩ |
| કચ્છ | ૮ | ૧૫ |
| રાજકોટ | ૮ | ૧૪ |
| ભરૂચ | ૭ | ૫ |
| પંચમહાલ | ૭ | ૪ |
| ભાવનગર કોર્પોરેશન | ૫ | ૬ |
| મહેસાણા | ૫ | ૩ |
| મોરબી | ૫ | ૪ |
| ગાંધીનગર કોર્પોરેશન | ૪ | ૫ |
| ગીર સોમનાથ | ૪ | ૪ |
| જુનાગઢ કોર્પોરેશન | ૪ | ૫ |
| અમદાવાદ | ૩ | ૧ |
| ગાંધીનગર | ૩ | ૬ |
| જામનગર | ૩ | ૫ |
| જુનાગઢ | ૩ | ૩ |
| ખેડા | ૩ | ૬ |
| નવસારી | ૩ | ૨ |
| સાબરકાંઠા | ૩ | ૧૦ |
| સુરત | ૩ | ૧૮ |
| વલસાડ | ૩ | ૧ |
| દાહોદ | ૨ | ૧૨ |
| મહીસાગર | ૨ | ૩ |
| તાપી | ૨ | ૧ |
| અમરેલી | ૧ | ૩ |
| દેવભૂમિ દ્વારકા | ૧ | ૬ |
| જામનગર કોર્પોરેશન | ૧ | ૦ |
| નર્મદા | ૧ | ૧ |
| અરવલ્લી | ૦ | ૪ |
| બનાસકાંઠા | ૦ | ૨ |
| પાટણ | ૦ | ૪ |
| સુરેન્દ્રનગર | ૦ | ૩ |
| કુલ | ૩૨૩ | ૪૪૧ |